દાખલ તારીખ : ૧૪–૧૦–૨૦૨૨
નોંધણી તારીખ : ૧૪–૧૦–૨૦૨૨
ફેંસલ તારીખ : ૧૯–૦૪–૨૦૨૩

---

સમય ગાળો : વર્ષ–૦૦ માસ–૦૬ દિન–૦૫

---

ગોંડલના મહેરબાન ૧૦ માં એડીશ્નલ સેશન્સ જજ સાહેબનીકોર્ટમાં,મું.ગોંડલ.

**સ્પે. ફોજદારી કેસ(ELEC.)નં. ૯૧/૨૦૨૨**
**આંક :–૨૧**

શ્રી સરકાર,
થ્રુ એડી.પી.પી.
એડીશ્નલ સેશન્સ કોર્ટ, ગોંડલ.
જી. રાજકોટ. **.....ફરિયાદી.**

**વિરુધ્ધ**

**જેતશીભાઈ મેઘાભાઈ વાઘ,**
રહે.પારડી ગામ, તા.લોધીકા,
જિ.રાજકોટ. **.....આરોપી.**

**ગુનો :–** <u>ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ.</u>

**ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એડી.પી.પી. શ્રી જે.ડી.ચાવડા,**
**બચાવપક્ષ તરફે વિધ્વાન વકિલ શ્રી સી.ડી.પરમાર,**

## <u>ચુ કા દો.</u>

**(૧)** આ કામે આંક–૦૫ થી તા.૦૪–૦૨–૨૦૨૩ ના રોજ આ કામના આરોપી સામે ધી ઈન્ડીયન ઈલેકટ્રીકસીટી એકટ–૨૦૦૩ની કલમ–૧૩૫ મુજબ ના શીક્ષાને પાત્ર ગુનાનું તહોમતનામુ નીચે મુજબ ફરમાવવામાં આવેલ છે.

" સદરહુ ગંભીર અને ગુનાહીત બનાવની વીગતે ગત

તા.૨૮/૦૧/૨૦૨૨ ના પારડી, તા.લોધીકા, મુકામે આવેલ તમારા ઘરે વીજ ચેકીંગ કરતા માલુમ પડેલ કે તમો આરોપીએ તમારા ઘરની બાજુમાંથી પસાર થતી વીજ લાઈનમાંથી ગેરકાયદેસર રીતે બદઈરાદા પુર્વક વીજપાવર મેળવી ૩.૧૨૨ કીલો વોટ લોડ જોડી બદઈરાદાપુર્વક વીજચોરીનો ગુનો આચરી રુ.૫૮,૨૭૫.૫૧ પૈસાની વીજચોરી કરી બીજી વખત પકડાઈ જઈ ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનો ખુબજ ગંભીર તથા શિક્ષાને પાત્ર ગુનો અત્રેની અદાલતની હકુમતમાં આચરેલ છે."

(૨) આ કામે ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ તેમના ઘરની બાજુમાંથી પસાર થતી વીજ લાઈનમાંથી ગેરકાયદેસર રીતે બદઈરાદા પુર્વક વીજપાવર મેળવી ૩.૧૨૨ કીલો વોટ લોડ જોડી બદઈરાદાપુર્વક વીજચોરીનો ગુનો આચરી રુ.૫૮,૨૭૫.૫૧ પૈસાની વીજ ચોરી કરતા પકડાઈ જઈ ધી ઈન્ડીયન ઈલેકટ્રીકસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગેની લેખીત ફરીયાદ ફરીયાદીએ કરેલ છે અને જેને આધારે જી.યુ.વી.એન.એલ.પો.સ્ટે.ગુના રજી.નં.૮૧૨/૨૨ થી ગુનો નોંધાયેલ છે.

(૩) ત્યારબાદ આ કામના તપાસ કરનાર અધિકારીએ સમગ્ર તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાંતા ધી ઇન્ડીયન ઇલેકટ્રીકસીટી એકટ ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબના ગુનાનુ ચાર્જશીટ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૩ (૨) અન્વયે ગોંડલની સ્પેશીયલ કોર્ટમાં દાખલ કરતા તે સ્પેશ્યલ ફોજદારી કેસ (ELEC.) નં.૯૧/૨૦૨૨ થી રજીસ્ટરે નોંધવામાં આવેલો.

(૪) આ કામે આરોપીને સમન્સ કરતા તેઓ હાજર થતા,ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ છે.તેની ખાત્રી કર્યા બાદ આંક–૦૫ થી તા.૦૪–૦૨–૨૦૨૩

ના રોજ આરોપી વિરૂધ્ધ ધી ઈન્ડીયન ઈલેકટ્રીકસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગેનું તહોમતનામું ફરમાવી,તે તેઓને વાંચી સંભળાવતા તેઓએ આંક–૦૬ ના નિવેદનથી ગુનાનો ઈન્કાર કરતા સદરહું કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

(૫) ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી– મૃગેશભાઈ સુમનભાઈ પાઘડાર ની જુબાની | ૦૭ |
| ૨ | સાહેદ– અમીતભાઈ જસવંતભાઈ કારીયા ની જુબાની | ૧૩ |
| ૩ | સાહેદ– ઘનશ્યામભાઈ રજનીકાંતભાઈ મોણપરા ની જુબાની | ૧૪ |
| ૪ | ત.ક.અ.– ગોપાલભાઈ હમીરભાઈ ચૌહાણ ની જુબાની | ૧૫ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ. | ૦૮ |
| ૨ | ફોરવર્ડીંગ લેટર, પુરવણી બીલ, કેલ્કયુલેશન શીટ. | ૦૯ |
| ૩ | સિંગલ ફેઈઝ ચેકીંગ રીપોર્ટ. | ૧૦ |
| ૪ | સ્થળ રોજકામ. | ૧૧ |
| ૫ | એનેક્ષર–૪. | ૧૨ |
| ૬ | કલમ–૧૫૪ વાળી ફરીયાદ. | ૧૬ |
| ૭ | તપાસનો ડેપ્યુટ હુકમ. | ૧૭ |
| ૮ | બનાવવાળી જગ્યાનું પંચનામું. | ૧૮ |
| ૯ | મુદામાલ રોજકામ. | ૧૯ |

(૬) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એડી.પી.પી.શ્રી દ્વારા આંક–૨૦ થી તા.૧૮–૦૩–૨૦૨૩ ના રોજ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તેવી પુરશીસ રજુ કરવામાં આવેલ છે.

(૭) ત્યારબાદ તા.૦૬–૦૪–૨૦૨૩ ના રોજ આરોપીનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધેલ છે. જેમાં આરોપીએ તેઓની સામેની હકીકતનો ઈન્કાર કરેલ છે અને તેઓ નિર્દોષ છે અને તેઓની સામે ખોટો કેસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવેલ છે,અને તેઓ પોતાના બચાવમાં સોગંદ પર જુબાની આપવા તથા બચાવમાં સાક્ષી તપાસવાનો ઈન્કાર કરેલ છે.

**<u>ફરીયાદપક્ષ તરફે દલીલ–</u>**

(૮) ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એડી.પી.પી.શ્રી જે.ડી.ચાવડા હાજર થયેલ છે અને તેઓએ તેમની દલીલમાં મુખ્યત્વે એવી રજુઆત કરી રહયા છે કે,આ કામે આરોપી સામે આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલુ છે. ફરિયાદપક્ષ દ્વારા ફરિયાદીને તથા સાહેદોને સાક્ષી તરીકે તપાસવામાં આવેલા છે અને તે આધારે આ કામના આરોપીએ તા.૨૮/૦૧/૨૦૨૨ ના રોજ પોતાના ઘરની બાજુમાંથી પસાર થતી વીજ લાઈનમાંથી ગેરકાયદેસર રીતે બદઈરાદા પુર્વક વીજપાવર મેળવી ૩.૧૨૨ કીલો વોટ લોડ જોડી બદઈરાદાપુર્વક વીજચોરીનો ગુનો આચરી રુ.૫૮,૨૭૫.૫૧/– પૈસાની વીજ ચોરી કરતા પકડાઇ જઇ ધી ઈન્ડીયન ઈલેકટ્રીક સીટી એકટ–૨૦૦૩ની કલમ–૧૩૫ મુજબનો ગુનો પુરવાર થાય છે. આમ ફરિયાદપક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા દ્વારા આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલો હોય આરોપીને તકસીરવાન ઠરાવવાની રજુઆત કરી રહયા છે.

**<u>બચાવ પક્ષ તરફે દલીલઃ-</u>**

(૯) આ કામે બચાવ પક્ષ તરફે વિદ્વાન વકીલશ્રી સી.ડી.પરમાર હાજર થયેલ છે. તેઓ તેમની મૌખિક દલીલમાં મુખ્યત્વે એવી રજુઆત કરી રહયા છે કે, જી.ઈ.બી.ના અધિકારીઓ સિવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. મુદામાલ પોલીસ સ્ટેશને જમાં કરાવેલ નથી. ફરીયાદીએ ફરીયાદ દાખલ કરવા કોઈ મંજુરી કે એપ્રુવલ લીધેલ નથી. વીજ ચોરી વાળુ મકાન આરોપીનું જ છે તેની ચોકકસાઈ કરવા કોઈ આધાર પુરાવો મેળવેલ નથી. પંચોની હાજરીમાં કોઈ ચેકીંગ થયેલ નથી કે રોજકામ થયેલ નથી. આ કામે લેખીતમાં ઉપલા અધિકારીની મંજુરી લેવામાં આવેલ નથી અને તે આ કામે રજુ કરેલ નથી. સીંગલ ફેઈઝ ચેકીંગ રીપોર્ટ કે સ્થળ રોજકામ તેમજ એનેક્ષર-જમાં આરોપીની સહી નથી. તેથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાની રજુઆત કરી રહયા છે.

(૧૦) આ કામે બંને પક્ષોની રજુઆતો, તથા રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા **આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલ છે.**

**<u>મુદા</u>**

૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ બનાવ તારીખ,સમય અને સ્થળે આ કામના આરોપીએ તેમના ઘરની બાજુમાંથી પસાર થતી વીજ લાઈનમાંથી ગેરકાયદેસર રીતે બદઈરાદા પુર્વક વીજપાવર મેળવી ૩.૧૨૨ કીલો વોટ લોડ જોડી બદઈરાદાપુર્વક વીજચોરીનો ગુનો આચરી રૂ.૫૮,૨૭૫.૫૧ પૈસાની વીજ ચોરી કરતા પકડાઈ જઈ ધી ઈન્ડીયન ઈલેકટ્રીકસીટી એકટ- ૨૦૦૩ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

**(૧૧) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

## કા ર ણો

**મુદા નં. ૧**

**(૧૨)** આ કામે મુદા નં.૧ ના સંદર્ભે ફરીયાદપક્ષ તર્ફે તપાસવામાં આવેલા ફરીયાદી–મૃગેશભાઈ સુમનભાઈ પાઘડારને સાહેદ નં.૦૧ તરીકે આંક–૦૭ થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૨ ની સાલમાં પીજીવીસીએલ પારડી સબ ડીવીઝનમાં **ના. ઈજનેર** તરીકે ફરજ બજાવતા હતા તથા તારીખ–૨૮.૦૧.૨૦૨૨ ના રોજ લોધીકા તાલુકાના પારડી ગામે ચેકીંગ અર્થે એ.જે. કારીયા ના. ઈજનેર, જી.આર. મોણપરા ઈલે.આસી. ગયેલા હોવાનુ જણાવેલ છે તથા ત્યા આરોપી– **જેતશીભાઈ મેઘાભાઈ વાઘ** ના રહેણાંક મકાનમાં ચેકીંગ કરતા માલુમ પડેલુ કે તે વિજ ગ્રાહક ન હતા અને સદર વીજ વાયર જોડાણ પોતાના મકાનની આગળના ભાગે આવેલ એલ.ટી. લાઈન પરથી આશરે ૧૮–મીટર જેટલો સર્વિસ વાયર લંબાવી મકાનની અંદર મેઈન સ્વીચમાં જોડી ડાયરેકટ ગેરકાયદેસર લોડનો વપરાશ કરતા માલુમ પડેલ. આ કામમાં મે કુલ રુપીયા **૫૮,૨૭૫.૫૧**/– નું પાવર ચોરીનું બીલ આપેલુ હોવાનુ જણાવેલ છે તથા જુબાની દરમ્યાન આંક–૦૮ થી ૧૨ સુધીના દસ્તાવેજી પુરાવો સામેલ રાખેલ છે.

**(૧૨.૧)** તેઓની ઉલટ તપાસ કરતા તેઓ કબુલ કરે છે કે, ચેકીંગ અંગે કોઈ જાત માહીતી નથી. ફરીયાદ દાખલ કરવા ઉપલા અધિકારીની મંજુરી લીધેલ નથી. આરોપીનુ મકાન જોયેલ નથી કે આરોપીને કયારેય જોયેલ નથી. ફરીયાદ દાખલ કરતા પહેલા વીજ ચોરી વાળુ મકાન આરોપીનું જ છે તેની ચોકકસાઈ કરવા કોઈ આધાર પુરાવો મેળવેલ નથી. હાલની ફરીયાદમાં કોઈ વીજપોલ નંબર દર્શાવેલા

નથી. પંચોની હાજરીમાં કોઈ ચેકીંગ થયેલ નથી. સીંગલ ફેઈઝ ચેકીંગ રીપોર્ટ કે સ્થળ રોજકામ તેમજ એનેક્ષર–જમાં આરોપીની સહી નથી.

**(૧૩)** આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક ૧૩ થી સાહેદ નં.૦૨ – અમીતભાઈ જસવંતભાઈ કારીયા ને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૨ ની સાલમાં પીજીવીસીએલ રાજકોટ રુરલ ડીવીઝનમાં **ના. ઈજનેર** તરીકે આઇ.સી. સ્ક્વોડમાં ફરજ બજાવતા હતા તથા તારીખ–૨૮.૦૧.૨૦૨૨ ના રોજ લોધીકા તાલુકાના પારડી ગામે ચેકીંગ અર્થે તેઓ તથા જી.આર. મોણપરા ઈલે.આસી. ગયેલા હોવાનુ જણાવેલ છે તથા ત્યા આરોપી– **જેતશીભાઈ મેઘાભાઈ વાઘ** ના રહેણાંક મકાનમાં ચેકીંગ કરતા માલુમ પડેલુ કે તે વિજ ગ્રાહક ન હતા અને સદર વીજ વાયર જોડાણ પોતાના મકાનની આગળના ભાગે આવેલ એલ.ટી. લાઇન પરથી આશરે ૧૮–મીટર જેટલો સર્વિસ વાયર લંબાવી મકાનની અંદર મેઈન સ્વીચમાં જોડી ડાયરેકટ ગેરકાયદેસર લોડનો વપરાશ કરતા માલુમ પડેલ. મુદામાલ પેપર પેક કરી પારડી સબ ડીવીઝનમાં જમા કરાવેલ હોવાનુ જણાવેલ છે તથા જુબાની દરમ્યાન આંક–૧૦ થી ૧૨ ના દસ્તાવેજમાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

**(૧૩.૧)** આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વીજ ચોરી વાળુ મકાન આરોપીનું જ છે તેની ચોકકસાઈ કરવા કોઈ આધાર પુરાવો મેળવેલ નથી. પંચોની હાજરીમાં કોઈ ચેકીંગ થયેલ નથી કે રોજકામ થયેલ નથી. આ કામે લેખીતમાં ઉપલા અધિકારીની મંજુરી લેવામાં આવેલ નથી અને તે કામે રજુ કરેલ નથી. સીંગલ ફેઈઝ ચેકીંગ રીપોર્ટ કે સ્થળ રોજકામ તેમજ એનેક્ષર–જમાં આરોપીની સહી નથી. મુદામાલ વાયર

પોલીસ સ્ટેશને જમા કરાવેલ નથી. પોલીસ નિવેદનમાં પોલ નંબર લખાવેલ નથી.

**(૧૪)** આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક ૧૪ થી સાહેદ નં.૦૩ ઘનશ્યામભાઈ રજનીકાંતભાઈ મોણપરા ને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૨ ની સાલમાં પીજીવીસીએલ રાજકોટ રુરલ ડીવીઝનમાં **ના. ઈજનેર** તરીકે આઇ.સી. સ્કવોડમાં ફરજ બજાવતા હોવાનુ તથા તારીખ–૨૮.૦૧.૨૦૨૨ ના રોજ લોધીકા તાલુકાના પારડી ગામે ચેકીંગ અર્થે તેઓ તથા અમીતભાઇ જસવંતભાઈ કારીયા ના.ઈ. ગયેલા હોવાનુ જણાવેલ છે તથા ત્યા આરોપી– **જેતશીભાઈ મેઘાભાઈ વાઘ** ના રહેણાંક મકાનમાં ચેકીંગ કરતા માલુમ પડેલુ કે તે વિજ ગ્રાહક ન હતા અને સદર વીજ વાયર જોડાણ પોતાના મકાનની આગળના ભાગે આવેલ એલ.ટી. લાઇન પરથી આશરે ૧૮–મીટર જેટલો સર્વિસ વાયર લંબાવી મકાનની અંદર મેઈન સ્વીચમાં જોડી ડાયરેકટ ગેરકાયદેસર લોડનો વપરાશ કરતા માલુમ પડેલ. મુદામાલ પેપર પેક કરી પારડી સબ ડીવીઝનમાં જમા કરાવેલ હોવાનુ જણાવેલ છે. જુબાની દરમ્યાન આંક–૧૦ થી ૧૨ ના દસ્તાવેજમાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

**(૧૪.૧)** આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વીજ ચોરી વાળુ મકાન આરોપીનું જ છે તેની ચોકકસાઈ કરવા કોઈ આધાર પુરાવો મેળવેલ નથી. પંચોની હાજરીમાં કોઈ ચેકીંગ થયેલ નથી કે રોજકામ થયેલ નથી. આ કામે લેખીતમાં ઉપલા અધિકારીની મંજુરી લેવામાં આવેલ નથી અને તે કામે રજુ કરેલ નથી. સીંગલ ફેઈઝ ચેકીંગ રીપોર્ટ કે સ્થળ રોજકામ તેમજ એનેક્ષર–જમાં આરોપીની સહી નથી. મુદામાલ વાયર પોલીસ સ્ટેશને જમા કરાવેલ નથી. પોલીસ નિવેદનમાં પોલ નંબર લખાવેલ નથી.

**(૧૫)** આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક ૧૫ થી સાહેદ નં.૦૪ તપાસ કરનાર અધીકારી–ગોપાલભાઈ હમીરભાઈ ચૌહાણને સાક્ષી તરીકે તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ ઉપરની જુબાની તે મુખ્ય પુરાવા સાથે સંલગ્ન પુરાવો છે.તપાસ કરનાર અધીકારીની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લઈએ તો, તેઓ સને ૨૦૨૨ ની સાલમાં રાજકોટ જીયુવીએનએલ પોલીસ સ્ટે. હેડ કોન્સ. તરીકે ફરજ બજાવતા હતા તથા ગત તારીખ–૨૮.૦૧.૨૦૨૨ ના રોજ જીયુવીએનએલ પોલીસ સ્ટેમાં પીએસઓ એન.ડી. જાડેજા તરફથી ફરિયાદી મૃગેશભાઇ સુમનભાઇ પાધડરા ના.ઈજનેર પારડી સબ ડીવીઝનવાળાઓએ ગુન્હો દાખલ કરાવતા પીએસઓ એન.ડી. જાડેજા નાઓએ સદરહુ ગુન્હાની તપાસ કે.બી. ગુજરાતીને સોંપેલ હોવાનુ જણાવેલ છે તથા ત્યારબાદ આ કામની તપાસ તેમને મળતા આરોપી જેતશીભાઇ મેધાભાઇ વાધ વાળાને તારીખ–૨૩.૦૯.૨૦૨૨ ના રોજ અટક કરેલ ત્યાર બાદ તપાસમાં જીઇબી અધીકારીશ્રીઓના નિવેદનો લઇને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હતુ. રહેણાંક મકાનમાં ગેર કાયદેસર રીતે એલ.ટી. લાઇનમાં લંગર નાખી ૩૦૫૮,૨૭૫.૫૧– ની પાવર ચોરી કરેલી. તથા આરોપી વીજ ગ્રાહક ન હોવાનુ જણાવેલ છે તથા જુબાનીમાં આંક–૧૬ થી આંક– ૧૯ સુધીના પુરાવા રજુ કરેલ છે.

**(૧૫.૧)** તેઓની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો એ હકીકત સ્વીકારેલ છે કે, જી.ઈ.બી.ના અધિકારીઓ સિવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. મુદામાલ પોલીસ સ્ટેશને જમાં કરાવેલ નથી. જગ્યાની માલીકી આરોપીની હોવા અંગેની ખરાઈ કરેલ નથી. ફરીયાદીએ ફરીયાદ દાખલ કરવા કોઈ મંજુરી કે એપ્રુવલ લીધેલ નથી. ચેકીંગ પાર્ટીને ચેકીંગમાં જવાનો કોઈ હુકમ તેમના ઉપરી અધિકારીએ આપેલ હોય તેવુ તપાસમાં તેમની પાસે રજુ કરેલ

નથી. આરોપી પાસેથી કોઈ મુદામાલ કબ્જે કરેલ નથી.

(૧૬) આમ ઉપરોકત સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે વીજ ચેકીંગ વાળી જગ્યાની માલીકી કબજો ભોગવટો આ કામના આરોપીનો હોય તેવી ચોકકસ હકીકત ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વિકલ્પે તે જગ્યાની માલીકી, કબજો ભોગવટો આ કામના આરોપીનો હોય તેવો કોઈ ચોકકસ પુરાવો રજુ કરવામા આવેલ નથી ત્યારે જે જગ્યાએ વીજ ચોરી પકડાયેલ હોવાનુ ફરીયાદ પક્ષ જણાવે છે તે જગ્યાની માલીકી કે કબજા ભોગવટો આરોપીની જ છે કે કેમ તે અંગેનો ચોકકસ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાના અભાવે તે બાબતેની હકીકત પુરવાર થયેલ માની શકાય નહી.

આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જોતા તેમાં પારા-૬.૩ માં નીચે મુજબ ઠરાવેલ છે.

(1) State of Gujarat Vs. Agarsinh Vajesinh Chuhan in Criminal Appeal bearing No. 2682 of 2018 ;

"Para 6.3. The learned Judge has also observed that considering the vernacular version of prosecution witnesses, it becomes quite clear that prosecution has totally failed to establish the real, actual and physical possession of disputed land with the accused at the time of raid and checking squad carried out raid on the said disputed land and thus, the alleged offence levelled against the accused is not proved beyond reasonable doubt."

વળી વધુમાં સાહેદો ની જુબાની ધ્યાને લેતા ચેકીંગ કે રોજકામ સ્વતંત્ર પંચો ની હાજરીમાં થયેલ નથી કે મુદામાલ કોર્ટમાં રજુ કરેલ નથી.વળી ફરીયાદ પહેલા આરોપીનુંજ મકાન હતું તે અંગે કોઈ ખરાઈ કરેલ નથી.

આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા માં નીચે મુજબ ઠરાવેલ છે.

(1) Hon'ble High Court of Gujarat in State of Gujarat Vs. Kantibhai Ambalal Patel, in Criminal Appeal bearing No. 129 of 2016 which goes as follows;

"Confirming acquittal of accused by Ld. Trial Court on the basis of Panchnama was not prepared in the presence of Panchas and further the prosecution has not produced any evidence about the ownership of Shop before Ld. Trial Court. Further, no document has been produced on record by the appellant (State) which shows that the officer was authorized to conduct a raid at the premises of the respondent (Accused)."

આમ કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ ના ચુકાદાઓ ધ્યાને લેતા ફરીયાદપક્ષે ચેકીંગ કરેલ જગ્યા આરોપી ની માલીકીનું હોવાનું પુરવાર કરવુ જોઈએ તેમજ ચેકીંગ, રોજકામ સ્વતંત્ર વ્યકિત ની હાજરીમાં કરવું જોઈએ. હાલના કેસ માં ફરીયાદપક્ષ ઉપરોકત હકીકતો રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ રહેલ છે. જેથી આરોપીએ જ વીજચોરી કરેલ છે તેહકીકત પુરવાર કરતો કે સાંકળતો કોઈ પુરાવો ફરીયાદ પક્ષ રજુ કરેલો નથી.

તપાસ કરનાર અધિકારી ની જુબાની જોતા પણ મુદામાલ રોજકામ સ્વતંત્ર પંચોની હાજરીમાં થયેલ નથી કે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી.

આમ ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય ત્યારે તેવા સંજોગોમાં માત્ર ફરીયાદીની ફરીયાદ તથા ચેકીંગ કરનાર અધિકારીએ કરેલી ખામીયુકત ચેકીંગ આધારે તથા સ્વતંત્ર સાક્ષી પુરાવાના અભાવે આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહી. તેથી ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને લેતા મુદા નં.૧ નો જવાબ નકારમા આપી મુદા નં.૨

અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

૧) આ કામના આરોપી **જેતશીભાઈ મેઘાભાઈ વાઘ,** રહે.પારડી ગામ, તા.લોધીકા, જિ.રાજકોટ. વાળાઓને ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૩૫(૧)અન્વયે ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપીના જામીન ખત રદ કરવામા આવે છે .

૩) ફરીયાદપક્ષ સદરહુ હુકમ સામે નામદાર હાઈકોર્ટમાં અપીલ કરે તો તે સમક્ષ હાજર રહેવા માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૭(એ) અન્વયે રૂપીયા૧૦,૦૦૦/-(અંકે દસ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજે તા.**૧૯મી,**માહે-**એપ્રીલ** સને-**૨૦૨૩** ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૧૯.૦૪.૨૦૨૩
સ્થળ : ગોંડલ.

**( વિરલ હેમરાજભાઈ પટેલ)**
૧૦ માં એડીશ્નલ સેશન્સ જજ,
ગોંડલ.
કોડ નં. જીજે.૦૦૭૩૬